R.N.I. NO. 14974/57 Post. Reg. No. GAMC-56/2015-17 Valid up to 31-12-2017



' ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ '

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

સી/૮, પ્રાર્થના ફ્લેટ, અંકુર સ્કુલ સામે, ફતેહનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ ફોન : ૦૭૯-૨૬૬૩૦૪૪૯



આદ્યસ્થાપક

**શ્રી બાલમુકુંદ ડી. આચાર્ય** — પ્રમુખ ફોન : ૦૭૯-૨૫૪૩૦૨૯૨
**શ્રી જશવંતભાઈ એફ. વ્યાસ** — ઉપપ્રમુખ મો. ૮૧૨૮૫૩૩૯૫૪
**શ્રી જયપ્રકાશ બી. શુક્લ** — મંત્રી મો. ૯૮૨૪૪ ૭૯૯૪૪

-: તંત્રી :-
શ્રી નરહરિપ્રસાદ ત્રિ.વ્યાસ
-: સહતંત્રીઓ :-
શ્રી સંદીપકુમાર આર.જોષી
મો. ૯૪૨૮૪ ૮૬૭૫૨
શ્રી જયેશભાઈ કે. ઉપાધ્યાય
મો. ૯૪૨૬૩ ૯૯૦૧૯
શ્રી ધીરજલાલ એન. ભટ્ટ
મો. ૯૯૨૫૨ ૮૪૮૮૩
-: ટ્રસ્ટી મંડળ :-
શ્રી દિલીપકુમાર કે. જોષી
મો. ૯૯૦૯૯ ૬૨૦૨૬
શ્રી સુધાકરભાઈ કે. ભટ્ટ
મો. ૯૩૨૭૦ ૦૨૧૦૫
શ્રી રાજેન્દ્રભાઈ એમ. મહેતા
મો. ૯૪૨૭૬૬૧૯૮૩
શ્રી પ્રવિણચંદ્ર એચ. પંડ્યા
મો. ૯૪૨૭૨ ૩૯૩૫૧
શ્રી ચેતનકુમાર કે. વ્યાસ
મો. ૯૮૨૪૨ ૮૬૮૯૬
-: કાર્યાલય મંત્રી :-
જયેશભાઈ એમ. મહેતા
ફોન : ૦૭૯-૨૭૬૮૨૧૮૩
મો. ૯૯૯૮૮૦૪૮૩૮

અંક -૫ વર્ષ - ૬૮
માસ : વૈશાખ
સંવત - ૨૦૭૨
તા. ૫-૫-૨૦૧૬
વાર્ષિક લવાજમ ફી રૂા.૫૦
આજીવન લવાજમ ફી રૂા. ૨૫૧
છુટક નકલ રૂા. ૫=૦૦

ચાલો વડોદરા.... ચાલો વડોદરા

## શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળનું
## ૫૬મું સંમેલન

તા. ૫-૬-૨૦૧૬ને રવિવારે સવારે ૯ કલાકે
એજન્ડા મુજબની કાર્યવાહી

સાંસ્કૃતિક / મનોરંજન કાર્યક્રમ
તા. ૪-૬-૨૦૧૬, શનિવાર સાંજે ૮.૩૦ કલાકે

### સંમેલનનું સ્થળ

વાલમ હોલ, નવદુર્ગા સો મીલ પાછળ,
હરણી-હાલોલ રોડ, વડોદરા.

સર્વે જ્ઞાતિજનોને હાજર રહેવા
મહામંડળ તરફથી ભાવભીનું આમંત્રણ છે.

બાલમુકુંદ આચાર્ય
પ્રમુખ
વા.બ્રા.મહામંડળ

જયપ્રકાશ શુક્લ
મંત્રી
વા.બ્રા.મહામંડળ

## શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ - ૫૬મું સંમેલન

કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીની અસીમ કૃપાથી મહામંડળનું ૫૬મું અધિવેશન ચરોતર વિભાગના ઉપક્રમે તા. ૫-૬-૨૦૧૬ને રવિવારના રોજ સવારના ૯ કલાકે નીચે દર્શાવેલ એજન્ડાના કામો સારું મળશે. તો સર્વે સભાસદ જ્ઞાતિબંધુઓને સંમેલનમાં હાજર રહેવા વિનંતી છે.

### કાર્યસૂચિ

દિપ પ્રાગટ્ય, પ્રાર્થના, મહેમાનોનું સ્વાગત અને સન્માન

### સામાન્ય સભાનો એજન્ડા

૧. તા. ૧-૬-૨૦૧૪ની સામાન્ય સભાનું પ્રોસીડીંગ મંજૂર કરવા બાબત
૨. નામી અનામી સ્વર્ગસ્થ જ્ઞાતિજનોને શ્રધ્ધાંજલિ
૩. ૨૦૧૪-૧૬ના સમયનો મંત્રીશ્રીનો અહેવાલ મંજૂર કરવા અંગે
૪. સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ કારોબારીએ લીધેલ નિર્ણયોને મંજૂર કરવા બાબત
૫. ઓડીટેડ હિસાબોને બહાલી આપવા અંગે
૬. નવા પ્રમુખની વરણી કરવા બાબત
૭. નવનિર્વાચિત કારોબારી સભ્યોની ચૂંટણી અધિકારી દ્વારા જાહેરાત કરવા બાબત
૮. ટ્રસ્ટી મંડળની નિમણૂંક કરવા બાબત
૯. ચૂંટણી અધિકારી તથા ઓડીટર્સની નિમણૂંક કરવા અંગે
૧૦. પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂ થાય તે.

### સંમેલનનું સ્થળ

વાલમ હોલ, નવદુર્ગા સોમીલ પાછળ, હરણી-હાલોલ રોડ, વડોદરા-૩૯૦૦૨૨.

### વિષય વિચારણા સમિતિ

વિષય વિચારણા સમિતિની બેઠક તા. ૪-૬-૨૦૧૬ને શનિવારે સાંજે ૫-૦૦ કલાકે સંમેલનના સ્થળે મળશે. હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

બાલમુકુન્દ આચાર્ય
પ્રમુખ

જયપ્રકાશ બી. શુક્લ
મંત્રી

સંમેલનની વ્યવસ્થા તથા માહિતી માટે નીચેની વ્યક્તિઓનો સંપર્ક કરવો.
૧. શ્રી જશવંતભાઈ વ્યાસ, મો. ૮૧૨૮૫૩૩૯૫૪
૨. શ્રી સંજયભાઈ ભટ્ટ, મો. ૯૯૯૮૦૦૮૬૧૮
૩. શ્રી મહેશભાઈ પુરોહિત, મો. ૯૯૯૮૯૭૪૬૦૫

## સંપાદકીય ......

અતિ પ્રિય યુવા વિદ્યાર્થી મિત્રો,

અતિ પ્રિય એટલા માટે કે યુવાનો જ દેશનું ભવિષ્ય છે. તેમના દ્વારા જ પૂણ્યભૂમિ ભારતને વિશ્વગુરુના સ્થાને લઈ જઈ શકાશે તે વાત નક્કી છે. મૂળ વાત ઉપર આવીએ તો આપ સૌની પરીક્ષાઓ પુરી થઈ ગઈ હશે અને વેકેશનની મઝા માણતા હશો. સાથે સાથે પરિણામની પણ રાહ જોતા હશો. આશા રાખીએ અને મા વાઘેશ્વરીને પ્રાર્થના કરીએ કે આપ સૌએ આપેલ પરીક્ષાના પરિણામો આપ સૌની ઈચ્છા મુજબ આવે.

સામાન્ય રીતે વેકેશન એટલે આખુ વર્ષ તનતોડ મહેનત કરી હોય એટલે વેકેશનમાં આરામ જ કરવાનો. બહાર ફરવા જવાનું થોડા દિવસ માટે.નજીકના સગા, મામા, માસીને ત્યાં જવું, આવી આપણા સૌની માનસિકતા છે. કેટલાક મિત્રો ૯મા ધોરણમાં હશે તેમને ૧૦મા ધોરણની તૈયારી, ટ્યુશન વર્ગો તેવી જ રીતે ૧૦મા ધોરણની જેમણે પરીક્ષા આપેલ હશે તેઓ ૧૧મા ધોરણની તૈયારી કરશે. મોટા ભાગે આ જાતનો કાર્યક્રમ સેટ કરતા હોઈએ છીએ. આ થઈ આપણા પોતાના કેરીયરની વાત, પરંતુ આપણી ભારતીય સંસ્કૃતિની વાત કરીએ તો તે મુજબ આપણે બીજાનો પણ વિચાર કરવાની આવશ્યકતા છે. જેમ કે આપણા જ સમાજના દિન, દુઃખીયા ભાઈઓ માટે આપણે શું કરી શકીએ તેનો વિચાર કરવાની જરૂર છે. તમે જે કોઈ ધોરણની પરીક્ષા આપેલ હોય, તે ધોરણના પુસ્તકો જો બરાબર સાચવી રાખ્યા હોય તો તે અથવા બરાબર ન હોય તો તેને બાઈન્ડીંગ કરાવી આપણા જ સમાજના વિદ્યાર્થીઓ જેને આ પુસ્તકોની જરૂર છે, તેને ન આપી શકાય ? મિત્રો, એક વાત યાદ રાખવા જેવી છે, આપણે જે કોઈ ચીજ વસ્તુ ભેટમાં આપવા માંગતા હોઈએ તે સારી સ્થિતિમાં હોવી જોઈએ. આજ કારણથી મેં પુસ્તકોને બાઈન્ડીંગ કરવા માટે કહ્યું છે. ભેટ આપનાર વ્યકિતના મનમાં અહમ્ કે મોટાઈનો ભાવ ન આવવો જોઈએ તેમજ જે વ્યકિત ભેટની વસ્તુ સ્વિકારે છે તેના મનમાં લાચારી પણું કે અહેસાનમંદીનો ભાવ ન આવવો જોઈએ તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

યુવાનો એ ખેલકુદમાં પણ ભાગ લેવો જોઈએ જેને કારણે આપણું સ્વાસ્થ્ય ઠીક રહેશે તેમજ જો તમે તેમાં આગળ વધ્યા હશો તો રાજ્ય સરકાર તરફથી તમારી નોકરી ધંધામાં પણ વિશેષ લાભ મળશે. આપ સૌની જાણ અને માહિતી માટે - તા. ૨૦-૪-૨૦૧૬ના ગુજરાત સમાચારના પા.નં. ૭ ઉપર - ખેલે ગુજરાત અંતર્ગત 'સમર કોચીંગ કેમ્પ'નું ગુજરાત સરકારે આયોજન કર્યું છે, તે અંગેની જાહેરાત આપેલ છે. જેમાં સંપૂર્ણ માહિતી આપેલ છે. પ્રાદેશીક કક્ષા સમર કેમ્પ ૨૦૧૬ તા. ૧૩-૫-૨૦૧૬ થી ૨૨-૫-૨૦૧૬ તથા ૨૭-૫-૨૦૧૬ થી ૫-૬-૨૦૧૬ રાખેલ છે. તેમાં જોડાઈને આપણે આપણી બુદ્ધિ અને શકિતનો સુમેળ કરીને એક અલગ પ્રકારનું વ્યકિતત્વ બનાવી શકીએ છીએ. લાયબ્રેરીમાં સારા સારા પુસ્તકો હોય છે, તેનું વાંચન કરી આપણા આધ્યાત્મિક તેમજ ઐતિહાસિક જ્ઞાનમાં વધારો કરી શકીએ છીએ. સાયન્સ સીટી જેવા સ્થળોની મુલાકાતથી પણ આપણને ઘણું જાણવા મળે છે. વેકેશન દરમ્યાન સાહસિક પ્રવાસ પણ કરી શકાય, જેનાથી આપણામાં સાહસવૃત્તિમાં વધારો થશે. જે આપણા જીવનમાં ગમે તેવા મુશ્કેલ સમયમાં પણ ધીરજ રાખીને તેમાંથી રસ્તો - ઉકેલ કાઢી આપવામાં ખૂબ જ માર્ગદર્શક તેમજ ઉપયોગી સાબીત થશે.

આમ વેકેશનનો સમય ખૂબ જ મહત્ત્વનો છે એનો અર્થ એવો પણ નથી કે અભ્યાસના પુસ્તકો અભરાઈએ ચઢાવી દેવા. તન તંદુરસ્ત હશે તો મન તંદુરસ્ત રહેવાનું જ છે. આપણને મળેલા સમયનો સદ્ઉપયોગ કઈ રીતે કરવો તે આપણે જાતે જ નક્કી કરવાનું છે. સ્વામી વિવેકાનંદને યુવાનો વિશેષ પ્રિય હતા, તેમણે કહ્યું છે, 'ઉઠો, જાગો ! અને ધ્યેય પ્રાપ્તિ સુધી જંપો નહીં'.

- નરહરી વ્યાસ

## મહામંડળના આગામી પ્રમુખ શ્રી જશવંતભાઈ વ્યાસનો પરિચય



શ્રી જશવંતભાઈનો જન્મ મોસાળ સોજીત્રા ખાતે તા. ૧૦-૭-૧૯૪૦ના રોજ થયેલ. પિતાશ્રી ફુલાશંકર નાથાલાલ વ્યાસ અને માતા શ્રી દેવીબેનના તૃતિય પુત્ર એવા શ્રી જશવંતભાઈનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતન વસો ખાતે સંપન્ન થયું. ૧૯૫૮માં મેટ્રીક પાસ કરી વડોદરા યુનિવર્સિટીમાંથી ૧૯૬૨માં સિવીલ એન્જીનીયરીંગ ડિપ્લોમા પૂર્ણ કરી રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગમાં ભૂજ ખાતે નોકરીની શરૂઆત કરી. મૂળ વાંઠવાળીના મહેમદાવાદમાં વસતા શ્રી સવિતાબેન તથા શ્રી નર્મદાશંકર ભોગીલાલ મહેતાની જયેષ્ઠ પુત્રી અ.સૌ. જ્યોતિબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા. ૧૯૬૨ થી ૧૯૮૪ સુધી નોકરી દરમ્યાન રસ્તાઓ, પુલો, નદીના બંધો અને કેનાલના નિર્માણની મહત્ત્વની કામગીરીમાં સેવા આપી. ઉકાઈ બંધ અને સરદાર સરોવરના નિર્માણમાં પણ તેમનો ફાળો હતો. નોકરી દરમ્યાન કર્મચારી મંડળોમાં સેવા આપી તથા જમીન સંપાદનની કપરી કામગીરી પણ સફળતા પૂર્વક બજાવી. ૧૯૮૪માં અમેરિકા ગયા અને ૧૫ વર્ષ સુધી સિવીલ એન્જીનીયરીંગની પ્રાઈવેટ કંપનીમાં કામગીરી નિભાવી. ૨૦૦૩માં સ્વદેશ પરત આવીને નિવૃત્તિ દરમ્યાન સમાજસેવાની પ્રવૃત્તિને જ પ્રાધાન્ય આપ્યું.

૨૦૦૫થી આજ પર્યંત સેવામંડળ, વડોદરાના પ્રમુખ તરીકે ઉત્કૃષ્ઠ સેવાઓ આપી અને જ્ઞાતિના સૌથી સુંદર અને સુવિધાયુકત વાલમ હોલના નિર્માણમાં એક દશક કરતાં વધારે સમય ફાળવ્યો. જ્ઞાતિને બેનમૂન કમ્યુનિટી હોલ પ્રાપ્ત થયો. પ્રમુખપદના કાર્યકાળ દરમ્યાન અંદાજે રૂા. ૫૦ લાખ જેટલા અનુદાન સેવામંડળને મેળવી આપવામાં તેમનો સિંહફાળો છે.

સૌમ્ય અને મિતભાષી શ્રી જશવંતભાઈને સમાજસેવાના કાર્યમાં ધર્મપત્ની અ.સૌ. જ્યોતિબેનનો સાથ સહકાર પણ નોંધનીય છે. અમેરિકા સ્થિત ત્રણેય સુપુત્રીઓ અ.સૌ. સોનલ શિશિરભાઈ પુરોહિત, અ.સૌ. જીજ્ઞા જૈમીનભાઈ પંડ્યા તથા અ.સૌ. અમી પ્રજ્ઞેશભાઈ ભટ્ટ માતા-પિતાને પ્રેરણામૂર્તિ માને છે.

ગુજરાતમાં માણભટ્ટ તરીકે હયાત એક માત્ર શ્રી ધાર્મિકલાલ પંડ્યાના સુપુત્ર ગુરુવર્ય શ્રી મયંકભાઈ પંડ્યા પાસેથી આઠ વર્ષ સંગીત અને સુગમ સંગીતની તાલીમ લઈને સંગીતની પદવી મેળવી અને તે પણ ૭૫મા વર્ષે.

મહામંડળના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. અરવિંદભાઈ ભોગીલાલ વ્યાસના તેઓ ભત્રીજા છે જ્યારે તેમના ધર્મપત્ની અ.સૌ. જ્યોતિબેન પણ મહામંડળના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ભાઈલાલ ભોગીલાલ મહેતાના ભત્રીજી છે, એ યોગાનુયોગ છે.

નાનપણમાં વસો ખાતે સંત શ્રી પુનિત મહારાજના ભજન-વ્યાખ્યાનમાં નિયમિત હાજર રહેતો જ્ઞાતિનો બાળક મોટો થઈને શ્રી પુનિત મહારાજ સ્થાપિત મહામંડળનો પ્રમુખ બને છે એ એક પુનિત પ્રસાદી જ ગણાય. શ્રી જશવંતભાઈનો પુનિત પંક્તિઓનો સંદેશ છે કે ;

સેવા ને સ્મરણ બે જગમાં કરવાના છે કામ
સેવા તો જનસેવા કરવી લેવું રામનું નામ

શ્રી જશવંતભાઈ જેવા પ્રમુખ મળતાં જ્ઞાતિ ધન્યતા અનુભવે છે અને શુભેચ્છાઓ પાઠવે છે.

- જયપ્રકાશ શુકલ, મહામંત્રી

## મહામંડળને મળેલ ભેટ

૧૦૧ તિમીરભાઈ રજનીકાંત જોષી, સુરત, ચિ. પુત્રી કૃતિના લગ્નપ્રસંગે ભેટ, વા.વ.સ., ૧૫૪૫૧

૧૦૧ ત્રિભોવનદાસ કાચા, સુરત, ચિ. પુત્ર મુકેશના લગ્નપ્રસંગે ભેટ, વા.વ.સ., ૧૫૪૫૨

૫૦૦૦ પ્રમીલાબેન કનકભાઈ વ્યાસ, વસો, સ્વ. કમળાબેન અંબાલાલ રાવલ સ્મૃતિ ટ્રસ્ટ, ઘરેથી અભ્યાસ કરતી બહેનને વ્યાજ આપવું. ૧૫૪૫૩, હ.સૂર્યકાંત પુરોહિત

૫૦૦૦ પ્રમીલાબેન કનકભાઈ વ્યાસ, વસો, સ્વ. અંબાલાલ ગણપતરામ સ્મૃતિ ટ્રસ્ટ, નોકરીની શોધમાં ફરનાર બેનને વ્યાજ આપવું, ૧૫૪૫૪, હ. સૂર્યકાંત પુરોહિત

૨૫૧ સુમિત યોગેશભાઈ જોષી, અમરેલી, આજીવન સભ્ય ફી, સોરઠ ક્ષેત્ર, ૧૫૪૫૫

૧૦૧ ઉજજવલ કૌશિકભાઈ આચાર્ય, વડોદરા, કુળદેવી અન્નકુટ નિમિત્તે, ૧૫૪૫૬

૧૫૧ વિનયકુમાર દશરથલાલ દિક્ષીત, અમદાવાદ, કુળદેવી અન્નકુટ નિમિત્તે, ૧૫૪૫૭

૧૦૧ રીટાબેનજયેન્દ્રભાઈ આચાર્ય, અમદાવાદ, કુળદેવી અન્નકુટ નિમિત્તે, ૧૫૪૫૮

૫૧ સુકન્યાબેન હર્ષદરાય આચાર્ય, અમદાવાદ, કુળદેવી અન્નકુટ નિમિત્તે, ૧૫૪૫૯

૧૦૧ હર્ષદરાય પ્રતાપરાય દિક્ષીત, ધંધુકા, કુળદેવી અન્નકુટ નિમિત્તે, ૧૫૪૬૦

૧૫૧ કૌશિક ગુણવંતરાય આચાર્ય, અમદાવાદ, કુળદેવી અન્નકુટ નિમિત્તે, ૧૫૪૬૧

૫૧ સ્વ. કંચનબેન રામચંદ્ર દિક્ષીત, અમદાવાદ, કુળદેવી અન્નકુટ નિમિત્તે,૧૫૪૬૨, હ.જયેન્દ્રભાઈ

૧૦૦૧ બીનાબેન જનકકુમાર ઉપાધ્યાય, ગોંડલ, તિથીદાન, સ્વ. દમયંતિબેન ભાસ્કરરાય ઠાકર, મહાવદ બીજ, ૧૫૪૬૩

૨૫૧ જયાબેન મહેન્દ્રભાઈ અધ્વર્યુ, ધંધુકા, આજીવન સભ્ય, ૧૫૪૬૪

૧૦૦ રાજેન્દ્રભાઈ પી. પાઠક, અમદાવાદ, કુળદેવી અન્નકુટ નિમીત્તે, ૧૫૪૬૫

૧૦૦ મનીષભાઈ કાંતિલાલ દિક્ષીત, અમદાવાદ, કુળદેવી અન્નકુટ નિમીત્તે, ૧૫૪૬૬

૨૫૧ દેવવ્રત દિવ્યેશકુમાર પંડ્યા, રાજકોટ, આજીવન સભ્ય ફી, સોરઠ ક્ષેત્ર, ૧૫૪૬૭

૨૫૧ ઉર્મીશભાઈ જદુલાલ ઉપાધ્યાય, આણંદ, આજીવન સભ્ય (રવાળ જ્ઞાતિ), ૧૫૪૬૮

૧૫૦ રવિન્દ્રકુમાર અમૃતલાલ ભટ્ટ, ચોકી, પુત્રી ચિ. નિહારીકાને પોલીસ ડિપાર્ટમેન્ટમાં નોકરી મળવાથી વા.વ.સ., ૧૫૪૬૯

૧૦૧ અરવિંદભાઈ નર્મદાશંકર દિક્ષીત, અમદાવાદ, ૫૦મી લગ્નતિથી નિમીત્તે, કુળદેવી ચરણમાં ભેટ, ૧૫૪૭૦

૧૦૦ ડૉ.રાહુલભાઈ વાસુદેવભાઈ વ્યાસ, હ. મહેશભાઈ પુરોહિત, વડોદરા, ચિ. માહી રાહુલ વ્યાસની મેટર માટે, ૧૫૪૭૧

૧૨૫ જીતેષભાઈ પંડ્યા, હ. મહેશભાઈ પુરોહિત, આણંદ, ચિ. ભવ્યાની મેટર માટે, ૧૫૪૭૨

૧૨૫ જીતેષભાઈ પંડ્યા, હ. મહેશભાઈ પુરોહિત, આણંદ, ચિ. કૃપાની મેટર માટે, ૧૫૪૭૩

## તિથિદાન

**(વૈશાખ સુદ ૧ થી વૈશાખ વદ અમાસ, ૨૦૭૨ તા. ૭-૫-૨૦૧૬ થી ૫-૬-૨૦૧૬ સુધી)**

સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન

**વૈશાખ સુદ ૧**

સ્વ. હરિલાલ મણીશંકર આચાર્ય

**વૈશાખ સુદ ૨**

સ્વ. રવિશંકર ગૌરીશંકર ભટ્ટ

**વૈશાખ સુદ ૪**

સ્વ. લીલાબેન ચંદ્રકાંત મહેતા

સ્વ. સોમનાથ મથુરદાસ ભટ્ટ

**વૈશાખ સુદ ૫**

સ્વ. બાલકૃષ્ણભાઈ પૂજાલાલ પુરોહિત

સ્વ. ઉર્મિલાગૌરી દિનેશચંદ્ર વ્યાસ
સ્વ. ચંદુભાઈ બાવરભાઈ મહેતા
સ્વ. મૌલિક રાજેન્દ્રભાઈ અધ્વર્યુ
સ્વ. કુમુદબેન પ્રફુલ્લચંદ્ર પુરોહિત

**વૈશાખ સુદ ૬**

સ્વ. નર્મદાશંકર લલ્લુભાઈ આચાર્ય
સ્વ. હેમલતાબેન ભાનુપ્રસાદ શુકલ
સ્વ. શિવશંકર પ્રભાશંકર મહેતા
સ્વ. લક્ષ્મીકાંત (ભાઈલાલભાઈ) બળદેવદાસ ભટ્ટ

**વૈશાખ સુદ ૭**

સ્વ. મણીશંકર ભવાનીશંકર ભટ્ટ

**વૈશાખ સુદ ૮**

સ્વ. ભગવતીબેન રવિશંકર ઉપાધ્યાય

**વૈશાખ સુદ ૯**

સ્વ. નર્મદાશંકર ભોગીલાલ મહેતા

**વૈશાખ સુદ ૧૦**

સ્વ. મુગુટલાલ હરિલાલ પંડિત
સ્વ. બાલકૃષ્ણ મોહનલાલ ઉપાધ્યાય
સ્વ. ગીરીશભાઈ શંકરલાલ આચાર્ય
સ્વ. હંસાબેન સતિષભાઈ મોરજરીયા
સ્વ. મહેન્દ્રકુમાર દેવશંકર ભટ્ટ
સ્વ. હિતેશભાઈ શાંતિલાલ શેઠ
સ્વ. ઈન્દુમતીબેન કુલીનચંદ્ર જોષી

**વૈશાખ સુદ ૧૧**

સ્વ. ગોવિંદલાલ અમૃતલાલ વ્યાસ
સ્વ. અલકાબેન રમેશચંદ્ર વૈદ્ય
સ્વ. અનામ ડેનીસ શેઠ

**વૈશાખ સુદ ૧૨**

સ્વ. કુંવરબેન ધનેશ્વર મહેતા
સ્વ. સુધીરકુમાર વિનુભાઈ ભટ્ટ

**વૈશાખ સુદ ૧૩**

સ્વ. બાલકૃષ્ણ ઉમિયાશંકર આચાર્ય
સ્વ. ડાહીબેન દેવશંકર પંડ્યા

**વૈશાખ સુદ ૧૪**

સ્વ. કાંતાબેન રમણીકલાલ ભટ્ટ
સ્વ. કિરણકુમાર જટાશંકર અધ્વર્યુ

**વૈશાખ સુદ ૧૫**

સ્વ. ચંદ્રવદન રતિલાલ પંડ્યા
સ્વ. મહેન્દ્રપ્રસાદ દેવશંકર પુરોહિત
સ્વ. રક્ષાબેન પ્રદિપભાઈ ખેતીયા

**વૈશાખ વદ ૧**

સ્વ. નિવેદિતાબેન અંબાલાલ આચાય

**વૈશાખ વદ ૨**

સ્વ. ભાનુમતિબેન નર્મદાશંકર આચાર્ય
સ્વ. પાર્વતીબબેન બેચરભાઈ ઉપાધ્યાય

**વૈશાખ વદ ૩**

સ્વ. રતિકુમાર ભોળાશંકર વ્યાસ

**વૈશાખ વદ ૪**

સ્વ. અરવિંદકુમાર મણીશંકર ઉપાધ્યાય

**વૈશાખ વદ ૫**

સ્વ. પ્રભાવતીબેન લજ્જાશંકર અધ્વર્યુ
સ્વ. શાંતિલાલ મુળજીભાઈ ઉપાધ્યાય
સ્વ. પરશુરામ ઈશ્વરભાઈ ગોર
સ્વ. રતિલાલ ઉત્તમરામ આચાર્ય
સ્વ. મધુબેન નાથાલાલ જોષી

**વૈશાખ વદ ૬**

સ્વ. અંબાલાલ નર્મદાશંકર આચાર્ય
સ્વ. કનકરાય નાગરદાસ ભટ્ટ

**વૈશાખ વદ ૮**

સ્વ. ચંદ્રીકાબેન ચંદ્રવદન દિક્ષીત
સ્વ. મધુકરભાઈ કાંતિલાલ ઉપાધ્યાય

**વૈશાખ વદ ૯**

સ્વ. કમળાબેન પિતાંબરદાસ મહેતા

**વૈશાખ વદ ૧૦**

સ્વ. રાજુભાઈ રમેશભાઈ ઉપાધ્યાય
સ્વ. શૈલેષભાઈ રતિલાલ પંડ્યા

**વૈશાખ વદ ૧૧**

સ્વ. સમજુબેન અંબાશંકર અધ્વર્યુ
સ્વ. મોહનલાલ કરશનજી મહેતા

**વૈશાખ વદ ૧૨**

સ્વ. રૂક્ષ્મણીબેન બાલાશંકર પંડ્યા
સ્વ. જયવંતીબેન રસીકલાલ જોષી

**વૈશાખ વદ ૧૩**

સ્વ. મધુકાંતાબેન ભોગીલાલ દિક્ષીત
સ્વ. અરૂણભાઈ હરિલાલ ઉપાધ્યાય
સ્વ. વિનુભાઈ નૌતમલાલ જોષી

**વૈશાખ વદ ૧૪**

સ્વ. હરિલાલ મયારામ ઉપાધ્યાય
સ્વ. બળદેવપ્રસાદ અમૃતલાલ મહેતા

**વૈશાખ વદ અમાસ**

સ્વ. લલીતાબેન શીવશંકર અધ્વર્યુ
સ્વ. ગંગાબેન ખંડુભાઈ આચાર્ય
સ્વ. તરૂલત્તાબેન મહેન્દ્રભાઈ ઠાકર

**જન્મદીન શુભેચ્છા**

૧૯/૫ નિશાંત બાલમુકુંદ આચાર્ય
૧૮/૫ સંત શ્રી પુનિત મહારાજ

- જયેશ એમ. મહેતા, કાર્યાલય મંત્રી

## ખાસ નોંધ

સ્થળ સંકોચને કારણે મંદિર ખાતે આવેલ ભેટ આ અંકમાં સમાવિષ્ટ કરી શકાયેલ નથી. જે આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. જેની માનવંતા સભ્યો અને જ્ઞાતિજનો એ નોંધ લેવી. - તંત્રી

## કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીનો અન્નકૂટ



ચૈત્રી નવરાત્રીના પાવન પર્વ દરમ્યાન ચૈત્ર સુદ આઠમ તા. ૧૪-૪-૨૦૧૬ને ગુરુવારે ગુરુપુષ્યામૃતના શુભ દિને વલ્લભીપુર ખાતે વાલમ બ્રાહ્મણ કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીનો અન્નકૂટ સવારે ૯ થી ૧૨ દરમ્યાન યોજવામાં આવેલ. જેમાં અંદાજે એક સો જેટલા જ્ઞાતિજનોએ દર્શનનો લાભ લીધો હતો. અન્નકૂટનું આયોજન સ્વ. રમેશચંદ્ર ભોગીલાલ વ્યાસ, વસો (વડોદરા) પરિવાર દ્વારા પ્રાપ્ત રૂા. ૧૫૦૦૦/- ના અનુદાનમાંથી કરવામાં આવેલ તથા અન્નકૂટના દિવસનો ભોજન ખર્ચ રૂા. ૧૫૦૦૦/- પણ તેમના દ્વારા આપવામાં આવેલ છે. આમ, સ્વ. રમેશચંદ્ર ભોગીલાલ વ્યાસ પરિવાર તરફથી રૂા. ૩૦૦૦૦/- અનુદાન પ્રાપ્ત થયેલ છે.

છેલ્લા ત્રણ વર્ષથી અન્નકુટ આસો વદ આઠમે પાટોત્સવ હવનના દિવસે યોજવામાં આવતો હતો. આપણા કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીના સ્થાનકમાં જ્ઞાતિજનો વર્ષમાં બીજીવાર માતાજીના દર્શનનો લાભ લઈ શકે એ હેતુસર ચાલુ વર્ષથી અન્નકુટનો કાર્યક્રમ ચૈત્રી નવરાત્રીમાં રજાના દિવસે કરવાનું મહામંડળની કારોબારીના નિર્ણયના અનુસંધાનમાં અન્નકુટનું આયોજન કરવામાં આવેલ. અન્નકુટના આયોજનની સફળતા દર્શાવે છે કે હવે પછીના વર્ષોમાં વધુ ને વધુ સંખ્યામાં જ્ઞાતિજનો અન્નકુટના દિવસે માતાજીના દર્શનનો લાભ લેશે.

અન્નકુટના કાર્યક્રમમાં શ્રી સુનંદાબેન રમેશચંદ્ર વ્યાસ તથા પરિવારના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહામંડળના પ્રમુખશ્રી બાલમુકુંદ આચાર્ય, અન્ય હોદ્દેદારો તથા કાર્યકરો આગળના દિવસે સાંજે વલ્લભીપુર પહોંચી ગયા હતા. મંદિર કમિટીના ચેરમેન શ્રી મહેશભાઈ દિક્ષીત, ઉપપ્રમુખશ્રી જશવંતભાઈ વ્યાસ, મંત્રી શ્રી જયપ્રકાશ શુકલ, ખજાનચી શ્રી કૌશિકભાઈ આચાર્ય, તંત્રીશ્રી નરહરીભાઈ વ્યાસ તથા કારોબારી સભ્યો અને કાર્યકરોએ ઉપસ્થિત રહી અન્નકૂટના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# જ્ઞાતિ સમાચાર

## જ્ઞાતિ ગૌરવ

રવિન્દ્રકુમાર અમૃતલાલ ભટ્ટ રે. ચોકી, જેઓ સોરઠ એસ.આર.પી. ગ્રુપમાં ફરજ બજાવે છે તેઓની સુપુત્રી ચિ. નિહારીકાને ગુજરાત સરકારની સ્ત્રી સશકિતકરણ યોજના અંતર્ગત પોલીસ ડિપાર્ટમેન્ટમાં ભરૂચ મુકામે નોકરી મળેલ છે. મહામંડળ તરફથી ખૂબ ખૂબ શુભેચ્છા.

## નોંધી લેશો

ભાવનગર રહેતા શ્રી કૃષ્ણકાંત કે ભટ્ટના નવા મોબાઈલ નંબર નોંધી લેશો. (ઘર) ૯૬૨૪૦ ૧૯૦૪૩
(પર્સનલ) ૯૯૦૪૯૭૮૫૯૪

## અભિનંદન

વડોદરા : ડૉ. રાહુલ વાસુદેવભાઈ વ્યાસની સુપુત્રી ચિ. માહી રાહુલ વ્યાસે ધો. ૧ સાયન્સ ફાઉન્ડેશન ઓલમ્પિયાડ દ્વારા લેવાતી ઈન્ટરનેશનલ ઈંગ્લીશ ઓલમ્પિયાડમાં ગુજરાત ઝોનમાં ૧૯મો નંબર મેળવેલ છે અને મેડલ અને સર્ટીફીકેટ પ્રાપ્ત કરેલ છે. ઈન્ટરનેશનલ સાયન્સ ઓલમ્પિયાડ તથા ઈન્ટરનેશનલ મેથ્સ ઓલમ્પિયાડમાં સર્ટીફીકેટ પ્રાપ્ત કરેલ છે.

## અભિનંદન

વાઘેશ્વરી માતાની અસીમ કૃપાથી કૃપાબેન જીતેષભાઈ પંડ્યા, આણંદ, જી.પી.એસ.સી. કલાસ-૨ ઓફિસર તરીકે આસીસ્ટન્ટ એન્જીનીયર, નર્મદા નિગમ, કડી ખાતે નિમણૂંક પામેલ છે.

## અભિનંદન



આણંદ : કુ. ભવ્યા જીતેષભાઈ પંડ્યા, એસ.જી.એમ. ઈંગ્લીશ મીડીયમ કોલેજ, વલ્લભ વિદ્યાનગરમાંથી બી.બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. ભવ્યાને ગોલ્ડ મેડલ તેમજ એચીવમેન્ટ એવોર્ડ કોલેજમાંથી મળેલ છે.

## નિવૃત્તિ

શ્રી ચંદ્રકાંતભાઈ ભાઈશંકરભાઈ મહેતા, સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ કચેરીમાંથી વયમર્યાદાને લઈ આસી. સબ ઈન્સપેકટરની પોસ્ટમાંથી સેવા બજાવી તા. ૨૯-૨-૨૦૧૬ના રોજ સેવાનિવૃત્ત થયેલ છે.

## ડૉ.એ.પી.જે. અબ્દુલ ક્લામ એવોર્ડ
### શ્રી હેમંતકુમાર શરદચંદ્ર પંડ્યા



શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ સેવા પ્રદાન કરનાર નિકોલના શ્રી હેમંતભાઈને દિલ્હી ખાતે તા. ૨૪-૪-૨૦૧૬ના રોજ ડૉ.એ.પી.જે. અબ્દુલ ક્લામ એવોર્ડથી નવાજીત કરવામાં આવેલ છે. જે જ્ઞાતિ માટે ગૌરવની વાત છે. આ પહેલાં તેમને રાષ્ટ્રપતિ એવોર્ડ પણ મળેલ છે. આમ શિક્ષણ ક્ષેત્રના બે સર્વોચ્ચ એવોર્ડ મેળવનાર શ્રી હેમંતભાઈને મહામંડળ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## અભિનંદન

ઘણાં વર્ષોથી અમદાવાદમાં વાલમ બ્રાહ્મણ સમાજના બાળકો માટે છાત્રાલય બનાવવાની વાત ચાલતી હતી. અચાનક જાણવા મળ્યું કે અમદાવાદ આદિનાથ નગર - વાલમ બ્રાહ્મણના બાળકો માટે છાત્રાલય ખુલ્લું મુક્વામાં આવેલ છે. આ કાર્યમાં શ્રી ભાઈલાલભાઈ ભટ્ટે મહત્ત્વની ભૂમિકા બજાવેલ છે. તે બદલ તેઓને અભિનંદન.

- હર્ષદભાઈ દિક્ષીત

## હરિદ્વાર યાત્રા

કુળદેવી તેમજ પિતૃઓના આશીષથી શ્રી ગીરીશભાઈ ધીરજલાલ પંડ્યા (સોરઠ વિભાગ, મહામંડળ કારોબારી સભ્ય) હરિદ્વાર ગંગા સ્નાન તથા આશ્રમના સહયોગથી મુખ્ય ગંગા આરતીનો લાભ લઈ સુખરૂપ રાજકોટ પરત આવી ગયા.

## ગાયત્રી પરિવાર હેરો (લંડન)

સમગ્ર વાલમ બ્રાહ્મણના વિદ્યાર્થીઓ, જેઓ ધો. ૧૦માં અને ધો. ૧૨ સાયન્સમાં ૭૦ ટકા માર્કસ પ્રાપ્ત કરે તે દરેક વિદ્યાર્થીને ગાયત્રી પરિવાર હેરો કનકભાઈ વ્યાસ તરફથી રૂા. ૧૦૦૦/- ઈનામ આપી બહુમાન કરવાનું હોવાથી દરેક વિદ્યાર્થીઓએ માર્કશીટની ઝેરોક્ષ, બેંકનું નામ અને બેંક ખાતા નંબર લખી શ્રી સૂર્યકાંત ટી. પુરોહિત, ૨૯, કુંવારેશ્વર સોસાયટી, હરણી રોડ, વડોદરા-૨૨ ના સરનામે વિગત મોક્લી આપવા વિનંતી કરવામાં આવે છે.

-સૂર્યકાંત ટી. પુરોહિત

## અવસાન નોંધ

★ ગં.સ્વ. શ્રી ગુણિયલબેન પ્રતાપરાય ઉપાધ્યાય, ઉપલેટા, તા. ૭-૪-૧૬ના રોજ કૈલાસવાસ થયેલ છે તેઓ શ્રી મનોજભાઈ, શ્રીમતી અંજનાબેન એન. વ્યાસ, શ્રીમતી ધારાબેન આર. ઉપાધ્યાય, શ્રીમતી તૃપ્તિબેન એમ. જોષીના માતૃશ્રી થાય.

★ સ્વ. દિલીપભાઈ પ્રભાશંકર ઉપાધ્યાય, ડોંબીવલી (મુંબઈ) તા. ૧૮-૪-૨૦૧૬ના રોજ કૈલાસવાસ થયેલ છે. તેઓ શ્રી ચેતનભાઈ, શ્રી કેતનભાઈ તથા સ્વ. શ્રી કુલદીપભાઈના પિતાશ્રી થાય.

★ વસો : શ્રી યોગેન્દ્રભાઈ જનાર્દન પુરોહિતનું તા. ૨૧-૪-૧૬ના રોજ યુવાન વયે દુ:ખદ અવસાન થયેલ છે.

★ યુ.એસ.એ. : મુળ ધંધુકાના શ્રી મહેશચંદ્ર શાંતિલાલ ઉપાધ્યાયનું તા. ૭-૧-૧૬ના રોજ અમેરીકા ખાતે દુ:ખદ અવસાન થયેલ છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે.

### મહામંડળના સંમેલન પ્રસંગે મહામનોરંજન કાર્યક્રમ

તા. ૪-૬-૨૦૧૬ને શનિવારે રાત્રે ૮.૩૦ ક્લાકે સ્થળ: વાલમ હોલ, હરણી-હાલોલ રોડ, વડોદરા ખાતેના કાર્યક્રમની માહિતી તથા વિગત માટે નીચેના જ્ઞાતિ ક્લાકારોનો સંપર્ક કરવા વિનંતી.

શ્રી હરિકૃષ્ણ મહેતા, વિદ્યાનગર, મો. ૯૨૨૮૫૦૩૩૯૯
શ્રી શશાંક શુક્લ, અમદાવાદ, મો. ૯૪૨૬૦૪૯૫૧૦
શ્રી અજીત ગોર, અમદાવાદ, મો. ૯૩૨૮૮૪૦૨૫૫
શ્રી સંદીપ જોષી, નડિયાદ, મો, ૯૭૨૫૮૪૦૦૨૦
શ્રી ભાવના પંડ્યા, વડોદરા, મો. ૯૧૦૪૬૯૨૦૪૦
શ્રી સ્વાતિ પંડ્યા, વડોદરા, મો. ૯૯૨૮૦૮૮૫૮૬
શ્રી સતિષ દિક્ષીત, અમદાવાદ, મો. ૯૮૨૫૫૨૨૬૬૬

નોંધ : કાર્યક્રમ અંગેનો આયોજકોનો નિર્ણય આખરી ગણાશે.

### માહે એપ્રિલના વાલમ વર્તમાન પરત આવેલ છે.

૧. કિરણકુમાર રમાનાથ જોષી, આણંદ
૨. મુકેશકુમાર નરેન્દ્રભાઈ પંડ્યા, આણંદ
૩. મનીષ રમેશચંદ્ર જોષી, ગોંડલ
૪. હર્ષ મનોજકુમાર જોષી, ગાંધીનગર
૫. દિલીપ શિવશંકર આચાર્ય, અડાજણ, સુરત
૬. ગોપાલકૃષ્ણ વ્રજલાલ વ્યાસ, વાપી
૭. શૈલેન શ્રીકાંતભાઈ જોષી, વાપી
૮. કેવીન દિલીપકુમાર પંડ્યા, ગોંડલ
૯. કમલકુમાર પ્રભુદાસ પંડ્યા, ગોંડલ
૧૦. જયકુમાર મહેશભાઈ ભટ્ટ, ઓઢવ
૧૧. વ્યાસ કંદર્પ અરવિંદભાઈ, યુ.એસ.એ.
૧૨. મહેતા ગોપેશ એન., યુ.એસ.એ.
૧૩. આચાર્ય અરુણકુમાર એ., યુ.કે.
૧૪. ઉપેંગ પંડ્યા, મુંબઈ
૧૫. ચિરાગ આર. મહેતા, આણંદ
૧૬. નિરજ નિતીનભાઈ પુરોહિત, વડોદરા
૧૭. પુનિત જે. જોષી, મુંબઈ
૧૮. રમેશચંદ્ર ગોરધનદાસ વ્યાસ, અમદાવાદ
૧૯. વર્ષાબેન નરેશભાઈ જોષી, અમદાવાદ

શ્રી સ્વામિનારાયણો વિજયેતતરામ્
શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ સંચાલિત
**શ્રી લક્ષ્મીનારાયણદેવ સંસ્કૃત મહાવિદ્યાલય**
બસ સ્ટેન્ડની સામે, ટાવરની નીચે,
મુ.વડતાલ-૩૮૭૩૭૫, તા. નડિયાદ, જિ. ખેડા

પ્રાચીન વિદ્યાનો અર્વાચીન વિદ્યા સાથેનો સુભગ સમન્વય
માધ્યમિક-ધો.૯/૧૦ પ્રથમા । ઉચ્ચતર માધ્યમિક-ધો.૧૧/૧૨ મધ્યમા । શાસ્ત્રી-
સંપર્ક નં. (૦૨૬૮) ૨૫૮૯૨૭૭ । શા. કેશવપ્રસાદજી સ્વામી : ૭૮૭૪૪૦૫૧૮૨
પંડ્યા યજ્ઞેશ : ૮૧૫૦૩૭૬૫૧ । પુરોહિત મૃણાલ ૯૯૦૯૫૭૩૦૦૬
સતત ૧૦૦% ઝળહળતું પરિણામ । અતિ ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષકો (ગુરૂજીઓ)
રહેવા જમવાનું ફ્રી તથા બીજી ઘણી અદ્યતન સુવિધાઓ
તા.ક: મર્યાદિત જગ્યા હોઈ ફકત ઋષિકુમારો માટે વહેલી તકે ઉપરોકત સરનામે સંપૂર્ણ બાયોડેટા ફોન નંબર સાથે અરજી કરવી.

**આદ્યશક્તિ વેલ્યુઅર**
હરેન્દ્ર વિ. ભટ્ટ — મો. ૯૪૨૬૪ ૩૬૩૪૪, ૯૪૨૮૬ ૧૨૫૪૩
બી.ઈ. (સિવિલ) (રીટા. ડે.એક્ઝીક્યુટીવ એન્જી., સિંચાઈ ખાતું, ગુજરાત રાજ્ય)
એન્ડ ગવર્નમેન્ટ રજીસ્ટર્ડ વેલ્યુઅર.
૫, ત્રિલોક રો હાઉસીસ, પારમેશ્વર મહાદેવ તથા સ્વ.ભાસ્કરરાય પંડ્યા મ્યુ.કોમ્યુ. હોલ સામે, ચાણક્ય ટાવર સામે, ઓફ સંદેશ પ્રેસ રોડ, બોડકદેવ, અમદાવાદ-૫૪.
બીનખેતીની જમીન તથા મકાન માટેના વેલ્યુએશન તથા સિવિલ બાંધકામને લગતી તમામ કામગીરી માટે સંપર્ક કરો.
**વાલમ બંધુઓને ખાસ કન્સેશન**

## વિનામૂલ્યે લગ્નવિષયક જાહેરાત

વાલમ વર્તમાનમાં દર માસે વિનામૂલ્યે લગ્નવિષયક જાહેરાત આપવામાં આવશે તો લગ્ન ઉત્સુક જ્ઞાતિજનોએ નીચેના કોલમ પ્રમાણે જ માહિતી મોકલવી. તે પ્રમાણે નહીં હોય તો તે માહિતી પ્રસિદ્ધ કરવામાં નહીં આવે. વિનામૂલ્યે આ યોજનાનો લાભ લેવા વિનંતી.

### લગ્ન ઉત્સુક યાદી

૧. રાજેશ ચંદ્રકાન્ત ભટ્ટ, સરનામું : મુ.મુળી, તાલુકો મુળી, જીલ્લો સુરેન્દ્રનગર, જન્મ તા. ૨૭-૯-૮૪, ઉંચાઈ ૫'૬'', વજન ૬૦ કિ., અભ્યાસ : નોનમેટ્રીક, વેપાર તથા કર્મકાંડ, માંડવરાય મંદિરમાં વહીવટકર્તા, ૧ ભાઈ ૧ બહેન

૨. પિયુષ કે. વ્યાસ, ચાંદલોડીયા, અમદાવાદ, મો. ૯૯૦૪૫૬૮૨૫૦, જન્મ તા. ૨૯-૫-૮૫, જન્મ સ્થળ : દેકાવાડા, ઉંચાઈ ૫' ૭'', અભ્યાસ ધો. ૧૦ પાસ, સર્વિસ : માસિક આવક રૂા. ૧૦૫૫૦/-, ૧ ભાઈ

૩. ચિરાગ કે. વ્યાસ, ચાંદલોડીયા, અમદાવાદ, મો. ૯૭૨૬૯૫૩૯૧૦, જન્મ તા. ૧૨-૫-૮૮, જન્મ સ્થળ : દેકાવાડા, ઉંચાઈ ૫'૬'', અભ્યાસ ધો. ૧૦ પાસ, સર્વિસ માસિક આવક રૂા. ૧૦૦૦૦/-, ૧ ભાઈ

૪. ભટ્ટ ઉમંગ ભરતભાઈ (છનીયારવાળા), સરનામું : ૩૪, સ્નેહકુંજ સોસાયટી, ઈસનપુર, અમદાવાદ. મો. ૯૯૦૪૮૯૮૩૪૪, ૯૭૧૪૧૩૬૩૬૩, જન્મ તા. ૧૮-૧૦-૧૯૮૯, અભ્યાસ : એમ.એ. (સંસ્કૃત), વ્યવસાય : મેડીકલ સ્ટોર

૫. રચિત ગોપાલભાઈ પંડ્યા, સરનામું : ૧૫૧૨, કાશીબાની ખડકી, મામુનાયકની પોળ, કાલુપુર, અમદાવાદ-૧, મો. ૯૭૨૪૭૨૨૩૧૧, ૯૩૨૮૨૫૭૦૨૫, જન્મ તા. ૫-૭-૧૯૮૭, ઉંચાઈ ૫' ૧'', ઈમીટેશન જ્વેલરીનો વ્યવસાય, વાર્ષિક આવક રૂા. ૯૬૦૦૦/-

૬. જીગ્નેશ જી. જોષી, સરનામું : ભાવના એચ. ઉપાધ્યાય, સહજાનંદનગર, બીલવાડી શેરી, તુલસી મકાન સામે, ગોંડલ, મો. ૯૪૨૮૦૬૧૪૬૦, જન્મ તા. ૧૭-૯-૧૯૮૩, ઉંચાઈ ૫' ૮'', અભ્યાસ : બી.કોમ., એલ.એલ.બી., સર્વિસ - હીરોહોન્ડા શોરૂમ, માસિક આવક રૂા. ૭૫૦૦/-

૭. ભૌમિક દીપકભાઈ અધ્વર્યુ, સરનામું : પુનિત પોળ, બહુચરાજીના મંદિર પાસે, સરખેજ ગામ, જી. અમદાવાદ, મો. ૮૬૭૩૮૯૬૭૪૫, જન્મ તા. ૨૫-૯-૧૯૮૨, અભ્યાસ ધો. ૧૦, સર્વિસ માસિક આવક રૂા. ૫૦૦૦/-

૮. કિરણકુમાર ઉષાકાન્ત પંડ્યા, સરનામું : ઠે. ખારીકૂઈ પાસે, મુ.પો. તા. સાવલી, જિ. વડોદરા-૩૯૧૭૭૦. ફોન : ૦૨૬૬૭-૨૨૨૭૦૪, મો. ૯૭૨૩૩૭૯૫૩૮, જ.તા. ૩-૧૨-૧૯૯૦, જન્મ સ્થળ : નડીયાદ, ઉંચાઈ ૫' ૭'', વજન ૬૦ કિ., ગોત્ર આત્રિ, અભ્યાસ : ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમી. એન્જી., સર્વિસ : જામનગર એસ્સાર, મા.આવક રૂા. ૩૫૦૦૦/-૧ ભાઈ

૯. જયદેવ દિવાનભાઈ ઠાકર, સરનામું : 'મારૂતિ' અક્ષરધામ સોસાયટી, શેરી નં. ૫, બ્લોક નં. ૬૪, મો. ૯૭૨૪૧૪૮૭૯૬, જન્મ તા. ૧૯-૧-૧૯૮૮, ગોત્ર કૌશિક, અભ્યાસ ધો. ૧૨ પાસ, કોલેજ ચાલુ, પ્રાઈવેટ જોબ, ૧ ભાઈ, ૧ બહેન અપરિણિત

૧૦. હિકેન ભરતભાઈ વ્યાસ, સરનામું : ૯૯૯૯, મુખ્ય બજાર, રામજી મંદિર પાસે, મુ. નવા નાવડા, તા. બળવાળા, જી. અમદાવાદ. સંપર્ક : ધીરુભાઈ એન. ભટ્ટ, મો. ૯૯૨૫૨૮૪૦૮૩, જન્મ તા. :૧૧-૫-૧૯૮૯, રાત્રે ૧૦.૪૫, સ્થળ : અમદાવાદ, ઉંચાઈ ૫'૫'', વજન ૬૦ કિ., અભ્યાસ : એસ.એસ.સી., ધંધો કરિયાણાની દુકાન, વા.આ. ૨૫૦૦૦/-

૧૧. રાધિકા નરેશકુમાર જોષી, સરનામું : બી ૧/૧૬, સરકારી વસાહત, હિમાલય મો સામે, વસ્ત્રાપુર, અમદાવાદ. મો. ૯૪૨૭૨૧૪૮૫૨, જન્મ તા. ૮-૪-૮૫, રાત્રે ૦૦.૩૫, જન્મ સ્થળ : અમદાવાદ, ઉંચાઈ ૫'૨'', વજન : ૬૦ કિ., અભ્યાસ : ડિપ્લોમા સીવીલ માસ્ટર ઈન પરફોર્મિંગ આર્ટસ, નોકરી - ગવર્નમેન્ટ સર્વન્ટ, ટાઉન પ્લાનીંગ, અમદાવાદ, પગાર ૧૩૫૦૦/-, ભાઈ ૧ નાનો, બહેન નથી.

૧૨. રક્ષિત પ્રકાશભાઈ પંડ્યા, સરનામું : રામજી મંદિર પાસે, તા. બરવાળા, (ઘેલાશાહ), જિ. અમદાવાદ-૩૮૨૪૪૫. ફોન : ૦૨૭૧૧-૨૩૭૧૦૪, જન્મ તા. ૨૮-૬-૮૫, સાંજે ૮-૨૫, ગોત્ર - અંગીરસ, ઉંચાઈ ૫'૦'', વજન ૫૦ કિલો, વાન ઘઉંવર્ણ, કાલા-કપાસ-અનાજનો વેપાર, આવક વાર્ષિક ૨ લાખ રૂા., ૧ બહેન પરણિત

૧૩. અર્જુનભાઈ જયંતિભાઈ પુરોહિત, સરનામું : ૯, ગુજરાત હાઉસીંગ બોર્ડ, કલોલ રોડ, કડી-૩૮૨૭૧૫. મહેસાણા. મો. ૮૦૦૦૨૨૧૩૧૬, જન્મ તા. ૨-૪-૧૯૯૦, ગોત્ર કૌશિક, ઉંચાઈ ૬'૫'', વજન ૬૫ કિલો, અભ્યાસ : એમ.કોમ., સર્વિસઃ એકાઉન્ટ એન્ડ સેલ્સ ઓફિસર, પગાર માસિક રૂા. ૬૦૦૦/- ૧ બહેન પરણિત

૧૪. મિલિન્દ ભાનુપ્રસાદ ઉપાધ્યાય, સરનામું, ભાનુ સ્ટોર્સ, બુધવારી બજાર, સીઓની-૪૮૦૬૬૧ (મધ્યપ્રદેશ). મો. ૦૯૪૨૫૧૭૪૯૭૧, જન્મ તા. : ૨૨-૧૦-૮૧, ગોત્ર - આત્રી, ઉંચાઈ ૫'૧૦'', અભ્યાસ : બી.ઈ. (કોમ્પ.એન્ડ એન્જી.), એમ.બી.એ., ૨ બહેન પરણિત

૧૫. આરતી રમેશચંદ્ર વ્યાસ, સરનામું : 'શિવશક્તિ' ૪, લક્ષ્મીનગર, નાનમોવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪., મો. ૦૯૪૨૯૦૯૬૫૦૭ (રમેશચંદ્ર કિ.વ્યાસ), જન્મ તા. ૭-૧-૧૯૯૦, સવારે ૯.૦૭ મિનીટ, અભ્યાસ- બી.કોમ.,પી.જી. ડી.સી.એ., એમ.એસ.સી. આઈ.ટી. અને સી.એ. (માસ્ટર ડિગ્રી), હાલ રાજકોટ મ્યુ.કોર્પો.સંચાલિત શાળામાં કોમ્પ્યુટર કો.ઓર્ડીનેટર તરીકે (કોન્ટ્રાક્ટ બેઈઝ) ફરજ બજાવે છે.

૧૬. કુ. કુણાલી ક્ર્તીકુમાર પંડ્યા, જ.તા. ૦૮-૦૭-૧૯૯૪, જન્મ સમય : સવારે ૧૦ ક્લાકે, જન્મ સ્થળ : અમદાવાદ, ગોત્ર : કૃષ્નાર્થ, ઉંચાઈ ૫'૨'', વજન ૫૦ કિલો, અભ્યાસ એમ.કોમ. પાર્ટ ટુ, તથા સી.એ.નો અભ્યાસ ચાલુ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ત્યાં નોકરી, બે નાના ભાઈ, સંપર્ક : ૯૪૨૯૯ ૦૫૪૦૦, સરનામું : ૧૦૨/૧૨૯૬, ઉદય એપાર્ટમેન્ટ, નારણપુરા ટેલીફોન એકસચેન્જ પાછળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩.

૧૭. શાસ્ત્રી સતિષકુમાર નરેન્દ્રપ્રસાદ વ્યાસ, જ.તા. ૭-૮-૧૯૯૦, ધો. ૧૨ પાસ, વ્યવસાય : શાસ્ત્રી (કર્મકાંડ), માસિક આવક રૂા. ૨૦૦૦૦/-. સરનામું : મુ.પો. ઉંછા, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા, સંપર્ક : નરેન્દ્રકુમાર અંબાલાલ વ્યાસ, મો. ૯૭૨૪૬૩૨૪૫૩. ફોન : ૦૨૭૭૦-૨૩૦૦૬૭

૧૮. હિરેન ભરતભાઈ ઉપાધ્યાય, જ.તા. ૨૮-૮-૧૯૮૯, ગોત્ર - ભારદ્વાજ, વજન ૬૨ કિ.ગ્રા., ઉંચાઈ-૫'૮'', અભ્યાસ - એમ.કોમ., નોકરી - પ્રસાદ ગ્રુપ ઓફ કંપની, વટવા, માસિક આવક - રૂા. ૨૧૦૦૦/-, ભાઈ -૧ મોટો પરણિત, બહેન નથી, સરનામું : ૧૪/૩૨૪, ગુ.હા.બોર્ડ, મેઘાણીનગર, અમદાવાદ. મો. ૮૭૫૮૬૬૮૨૯૩ (પિતા-ભરતભાઈ), ૯૪૨૯૦૬૪૧૭૨ (માતા-સરોજબેન ભરતભાઈ)

૧૯. જોષી નિકુંજ અરવિંદભાઈ, અભ્યાસ -એમ.એ-ટુ - નોકરી - આચાર્ય, સરનામું : અરવિંદભાઈ નરભેરામ જોષી, મુ. ગાજણવાવ, પો. રાજસીતાપુર, તા. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર

૨૦. નિર્મિત દિપકકુમાર દિક્ષીત, મુ. અમદાવાદ. હાલ મુંબઈ, સંપર્ક : ફોન : ૦૨૬૪૨-૨૩૩૨૦૭, મો. ૭૬૦૦૦૧૨૨૫૮, ૭૬૦૦૦૧૮૬૫૮, જ.તા. ૨૪-૭-૧૯૮૮, ઉંચાઈ ૫'૭'' વજન ૬૨ કિલો, અભ્યાસઃ બી.ઈ. (ઈસી), એમબીએ, નોકરી : મલ્ટી નેશનલ કંપની, એક બહેન (પરિણીત)

૨૧. પંડ્યા દર્શન જીતેન્દ્રભાઈ, સરનામું : 'દર્શન', શાંતિનિકેતન રેસીડેન્સી, તિરુપતિ ટેનામેન્ટ-૨, આલાપ ગ્રીન સીટી પાસે, રૈયારોડ, રાજકોટ. મો. ૯૯૭૯૨૧૬૧૮૨, ૯૪૨૭૭૭૭૨૬૭, જ.તા. ૪-૧૦-૧૯૯૦, જ.સમય : ૫.૦૦ સવાર, જ.સ્થળ : શિહોર, ભાવનગર ગોત્રઃ અત્રી, અભ્યાસ : ધો. ૧૨, વ્યવસાય : બિલ્ડીંગ મટીરીયલ, આવક : માસિક રૂા. ૨૫૦૦૦/-

૨૨. ચિરાગ કૌશિક્ભાઈ વ્યાસ, સરનામું : એફ-૩૦૨, સાતત્ય એવન્યુ, આશ્રય પ્લેટીનાની સામે, ન્યુ રાણીપ, અમદાવાદ. જ.તા. ૧૨-૫-૧૯૮૮, અભ્યાસ : ધો. ૧૦ પાસ, ઉંચાઈ : ૫'૬'', વ્યવસાય સર્વિસ, પગાર : રૂા.૧૫૦૦૦/-


શુભેચ્છા સહ

**સેફ ગાર્ડ સીક્યોરીટી**

**શ્રી ભવ્યાંગ હરિકૃષ્ણભાઈ મહેતા**

**૨૬/એ, ગોપાલકુંજ સોસાયટી, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.**

**ફોન : ૨૫૪૬૨૩૭૨, મો. ૯૮૭૯૭૬૨૩૭૨**

**શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ**



**SAI FINANCIAL SERVICES**

**SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.**



401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.

Phone : (O) 079-65219173 (M) 98250 24877

Permitted to post at Ahd PSO on 5th of every month • Valid up to 31 Dec. 2017

## શ્રી પુનિતભાવ આમંત્રણ

વાલમ બ્રાહ્મણ મહામંડળના આદ્યસ્થાપક પ.પુ. સંતશ્રી પુનિત મહારાજના પૌત્રશ્રી આનંદ જનક મહારાજના શ્રીમુખે શ્રી પુનિત મહારાજ રચિત 'શ્રી પુનિત રામાયણ' (રામકથા)નું દિવ્ય આયોજન નર્મદા તટે શ્રી પુનિત મહારાજની તપોભૂમિ, શ્રી પંચકુબેરેશ્વર મહાદેવ, પુનિત આશ્રમ, મોટી કોરલ, તા. કરજણ, જી. વડોદરા મુકામે યોજવામાં આવેલ છે.

સંત શ્રી પુનિત મહારાજની ૧૦૮મી જન્મજયંતિ ના પાવન અવસરે તેમના જનસેવાના કાર્યને સમર્પિત કરીને ચિરસ્મરણીય બનાવવાના પુનિત હેતુસર આ કથાનું આયોજન કરેલ છે.

શ્રી આનંદ જનક મહારાજે બહુ નાની ઉંમરમાં બહુ મોટું ભગીરથ કાર્યનું આયોજન કરેલ છે. આપણી જ્ઞાતિને મારી નમ્ર વિનંતી છે કે સૌ જ્ઞાતિજને તન-મન-ધનથી સંત શ્રી પુનિત મહારાજના કાર્યને આગળ ધપાવવા શ્રી આનંદ જનક મહારાજના આ નવ દિવસના મહાયજ્ઞમાં સૌ જ્ઞાતિજનો સહભાગી થાય તેવી અપેક્ષા.

**રામકથા : તા. ૧૪-૫-૨૦૧૬ થી ૨૨-૫-૨૦૧૬, સમય : સવારે ૯ થી બપોરે ૧**

**સ્થળ : શ્રી પુનિત આશ્રમ, મોટી કોરલ.**

નોંધ : આપશ્રી મોટી કોરલ આવવાના હોય તો અગાઉથી જાણ કરવા વિનંતી છે.

- બાલમુકુંદ આચાર્ય, પ્રમુખ, વા.બ્રા.મહામંડળ

## વિજ્ઞપ્તિ

વાલમ બ્રાહ્મણ સમાજના જે કોઈ જ્ઞાતિબંધુને સાંભળવાની તકલીફ હોય અને ડૉકટરે કાનનું મશીન રાખવાની સલાહ આપેલી હોય તેઓએ ડૉકટરના સર્ટી. સાથે નીચે જણાવેલ સરનામે જાણ કરશે તો તેઓને ગાયત્રી પરિવાર હેરો (લંડન) તરફથી કાનનું મશીન આપવામાં આવશે. તેવી જ રીતે જે કોઈ જ્ઞાતિબંધુને આંખમાં મણી મુક્વાનો હોય તેઓ પણ સરનામું નીચે જણાવેલ સરનામે મોક્લી આપવા વિનંતી છે.

- સૂર્યકાંત ટી. પુરોહિત
૨૯, કુંવારેશ્વર સોસાયટી, હરણી રોડ, વડોદરા

વા.વર્તમાન પ્રકાશન સમિતિની મીટીંગ ૨૨-૫-૨૦૧૬, રવિવાર ના રોજ બપોરે ૪ વાગે તથા હોદ્દેદારોની મિટીંગ બપોરે ૩ વાગે રાખેલ છે.

**તંત્રી-મુદ્રક-પ્રકાશક** : શ્રી નરહરિપ્રસાદ ત્રિભુવનદાસ વ્યાસ, ૧૬, જગદીશ સોસાયટી, સી.ટી.એમ., રામોલ રોડ, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬. મો. ૯૪૨૭૬૧૪૦૦૫

**નાણાંકીય વ્યવહાર** : ખજાનચી, શ્રી કૌશિકભાઈ જી. આચાર્ય, ૧૨/૧, સંગઠન સોસા., સરકારી વસાહત પાછળ, ડ્રાઈવઈન રોડ, થલતેજ, અમદાવાદ-૫૨. ફોન : ૦૭૯-૨૭૯૧૨૯૬૮

**મંત્રી** : જયપ્રકાશ ભાનુપ્રસાદ શુક્લ, બી-૪૦૪, સુકિર્તી એલીગન્સ, વ્રજવિહાર-૨ ની બાજુમાં, સ્ટાર બજાર સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

**માલિક** : શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, 'કૃષ્ણનિવાસ', સી/૮, પ્રાર્થના ફ્લેટ, અંકુર સ્કૂલ સામેના ખાંચામાં, ફતેહનગર, પાલડી, અમદાવાદ-૭. (પત્રવ્યવહારનું સરનામું) ફોન : ૦૭૯-૨૬૬૩૦૪૪૯

મુદ્રણ સ્થાન : ફર્સ્ટ આઈકોન પ્રિન્ટર્સ, ૪૧૩/૮, અલકા શોપિંગ સેન્ટર, શાહેઆલમ ટોલનાકા, અમદાવાદ-૨૨.

**ખાસ નોંધ** : મુખપત્રમાં કોઈ પણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી મેટરો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - **તંત્રી**